## પ્રવચન નં. ૯૧ ગાથા - ૩૧ ભાદરવા વદ-૧૦ સોમવાર તા. ૨૫-૯-૭૮ સં. ૨૫૦૪

સમયસાર ૩૧ ગાથા. કહાં આયા હૈ ? ઈસ પ્રકાર કહાં આયા હૈ ? જો દ્રવ્યેન્દ્રિયો આ જડ પર્યાય, ભાવેન્દ્રિય, જે ખંડ ખંડ જ્ઞાન જણાતે હૈ વો, ઔર પંચેન્દ્રિયોંકા વિષયભૂત પાંચે ઇન્દ્રિયના વિષયભૂત પર પદાર્થ, તીનોંકો જીતકર અર્થાત્ તીનોંસે ભિન્ન હોકર, આહાહા ! જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ અસલી ત્રિકાળી અસલ સ્વરૂપ ઉસકા અવલંબનસે વો પરસે ભિન્ન કરના વો ઇન્દ્રિય જીત કહેનેમેં આયા હૈ.

જ્ઞેય જ્ઞાયક સંકર નામકા દોષ આતા થા. કયા કહેતે હૈ. ભગવાન સ્વરૂપ ચૈતન્ય એ તો સચ્ચિદાનંદ જ્ઞાયક સ્વરૂપ ઉસમેં આ દ્રવ્યેન્દ્રિય પરજ્ઞેય હૈ, ભાવેન્દ્રિય પણ પરજ્ઞેય હૈ. આહાહા... અને સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ ને શાસ્ત્ર દેશ યે સબ પરદ્રવ્ય હૈ, યે તીનોંકા લક્ષ છોડકર અપના ચૈતન્ય સ્વભાવકો પકડકર ઉસકી એકાગ્રતા હોના, એ આત્માની વાસ્તવિક નિશ્ચય સ્તુતિ હૈ. આહાહા ! આવું છે, હૈ ? જ્ઞેયજ્ઞાયક સંકર( દોષ ) કયા કહેતે હૈ ? ભગવાન ચૈતન્ય સ્વરૂપ ઉસમેં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય એ પરજ્ઞેય હૈ. આહાહા ! અપના સ્વજ્ઞેય જ્ઞાયક ચૈતન્ય પ્રભુ ઉસસે દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય યે પરજ્ઞેય હૈ. આહાહાહા ! ઔર દેવ, ગુરુ, શાસ્ત્ર, કે સ્ત્રી, કુટુંબ, પરિવાર યે સબ પરદ્રવ્ય હૈ. એ જ્ઞાયક ચૈતન્ય પ્રભુ યે ક્ષયોપશમની અવસ્થા યે ભી પરદ્રવ્ય પરજ્ઞેય, આહાહાહા ! દેવ, ગુરુ, ને શાસ્ત્ર યે પરજ્ઞેય હૈ, સ્વજ્ઞેયમેં પર દ્રવ્યકા સંબંધ–સંયોગ માનના એ બડા મિથ્યાત્વકા દોષ હૈ. આહાહા ! આવો પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ જિસકા સ્વભાવ એકીલા જ્ઞાન ને આનંદ ઐસી ચીજસે આ પર્યાય, શરીર પરિણામને પ્રાપ્ત પર્યાય ઇન્દ્રિયાં, યે પરજ્ઞેય હૈ. ભાવેન્દ્રિય જે જ્ઞાનકી પર્યાય ખંડ ખંડ જણાતી હૈ, યે ભી ત્રિકાળી

જ્ઞાયકકી દૃષ્ટિસે યે પરદ્રવ્ય હૈ. આહાહાહા !

તો દેવ, ગુરુ ને શાસ્ત્ર એ તો ક્યાંય રહી ગયા. યશપાલભાઈ ! આહાહા ! એ તીનોંકો જીતકર નામ જ્ઞેયજ્ઞાયક સંકર નામકા દોષ આતા થા. આહાહા ! જ્ઞાયક ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ઔર જ્ઞેય વો તીનોં ચીજ, એકતાપણાની માન્યતાના દોષ મિથ્યાત્વ આતા થા. આહા... સંકર નામકા દોષ આતા થા. સંકર નામ દોકા એકત્વ સંબંધ હૈ. ઐસા જો દોષ આતા થા. સો સબ દૂર હોનેસે, આહાહા... અપના ભગવાન જ્ઞાયક ચૈતન્ય જયોત ધ્રુવ ધ્રુવ પ્રવાહ અનાદિસે આહાહાહા... ઉસકો પકડ કરકે સ્વજ્ઞેયકો પકડ કરકે પરજ્ઞેયકો ભિન્ન કર દિયા. આવી વાત છે પ્રભુ ! શું થાય ? મારગ આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યક્ અનુભવકી બાત હૈ. પીછે રાગ જ્ઞાનીકો ભી આતા હૈ. યે દૂસરી તીસરી ગાથામેં કહેગા. આહાહા ! સમજમેં આયા ? યહાં તો પ્રથમ ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને પર યે જ્ઞાયકની સાથ સંબંધ નામ એકત્વબુદ્ધિ થી ઈતના નાશ કિયા. સ્વભાવકા અવલંબનસે પરકી સાથ એકત્વબુદ્ધિ થી, યે સ્વભાવકે આશ્રયસે દોષકો નાશ કિયા. યે દોષ નાશ કિયા યે એક આત્માકી સ્તુતિ હુઈ. અંતર વાસ્તવિક તત્ત્વ હૈ, ઉસકી પ્રશંસા કિયા, સ્તુતિ કિયા. સમજમેં આયા ? ભાવેન્દ્રિય ને દ્રવ્યેન્દ્રિય અને સંયોગી ચીજ ઉસકી જો પ્રશંસા એ તો ઇન્દ્રિયકી પ્રશંસા હૈ. આહાહાહા ! ભગવાનકી સ્તુતિ પણ ઇન્દ્રિયકી પ્રશંસા હૈ. આહાહા ! અહીંયા કહેતે હૈ કે યે દોષ આતા થા યહ સબ દૂર હોનેસે. આહા !

"એકત્વમેં ટંકોત્કીર્ણ" ભગવાન આત્મા એકરૂપ સ્વભાવ ટંકોત્કીર્ણ, ટાંકણાસે જેમ ખોદ્યા હુવા અંદરમેંસે પ્રતિમા નિકળતી હૈ. ઐસા ભગવાન ટંકોત્કીર્ણ રાગસે ભિન્ન હોકર ચૈતન્ય દળ ભિન્ન કર દિયા. આહાહા ! બાલચંદજી ! આમાં આવું છે. સાંભળવું કઠણ પડે એવું છે. મારગ એવો બાપા. આહાહાહા... અનંતકાળનો અજાણ્યો મારગ. આહા !

યહાં કહેતે હૈ કે ઉસકો જાનનેમેં લિયા, આહાહા ! પર ઉપરકા એકત્વ બુદ્ધિકી દૃષ્ટિ છોડકર, એકત્વ સ્વભાવમેં એકત્વ હોના. આહાહા ! આહાહા ! યે પરકી સાથ એકત્વબુદ્ધિ થી એ મિથ્યાત્વકા સંયોગકા સંબંધકા દોષ થા. અસંગ ભગવાનમેં પરકા સંગ માનના, આહાહા... ગજબ વાત હૈ ભાઈ. આહાહા ! એ સબ દૂર કર દિયા, ચૈતન્ય જ્ઞાયક અતીન્દ્રિય આનંદકા કંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદકા દળ, આહાહા... ઉસકા આશ્રય લેકર પરકી એકત્વતા છોડ દિયા. આવી વાત છે. હજી રાગ હૈ પણ રાગકી એકતા તોડ દિયા. સમજમેં આયા ? ભાવેન્દ્રિય હૈ, દ્રવ્યેન્દ્રિય હૈ, પણ ઉસકી એકતા તૂટ ગઈ.

એ પ્રથમ દરજજાકી કેવળજ્ઞાનીકી સ્તુતિ કહો, કે કેવળ એકલું જ્ઞાન પ્રભુ ઉસકી સ્તુતિ કહો, આવી વાત છે પ્રભુ ! આહાહા ! "અનંતકાળથી આથડયો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને" સેવ્યા નામે કાંઈ પગ દાબવા છે ? આહાહા ! એમણે કહેલી આજ્ઞા ન માની. આહાહા ! સંતોની આજ્ઞા, શાસ્ત્રની આજ્ઞા, વીતરાગતા પ્રગટ કરના એ આજ્ઞા હૈ વીતરાગતા પ્રગટ કબ હો, કે પરસે ભિન્ન હોકર સ્વમેં એકત્વતા કરનેસે વીતરાગતા પ્રગટ હોગી. આહાહાહા ! એ ગુરુની આજ્ઞા આ હૈ. આહા... સમજમેં આયા ?

સંકર નામકા દોષ આતા થા. સંકર નામ એકત્વ, સંયોગ, સંબંધ સો સબ દૂર હોનેસે એકત્વમેં ટંકોત્કીર્ણ, પણ એ ચીજ કયા ? એ જ્ઞાન સ્વભાવકે દ્વારા, આહાહા.... પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ

એ પ્રજ્ઞા જ્ઞાનસ્વભાવકે દ્વારા, આહાહાહા... સર્વ અન્ય દ્રવ્યોંસે પરમાર્થસે ભિન્ન ઐસે અપને આત્માકા અનુભવ કરતેં હૈ. આહાહા ! ઐસે અપના આત્માકા અનુભવ કરતે હૈ. વે નિશ્ચયસે જિતેન્દ્રિય જિન હૈ. આહાહા ! "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન" એ જિન સ્વરૂપી ભગવાન આત્મા ઉસકા આશ્રય લેકર પરકી એકત્વતા તોડી એ પર્યાયમેં જિન હુવા, દ્રવ્યમેં તો જિન થા. આહાહાહા ! "ઘટ ઘટ અંતર જિન વસે" દરેક ઘટમાં ભગવાન જિન સ્વરૂપી ભગવાન બિરાજતે હૈ. અને "ઘટ ઘટ અંતર જૈન" એ જિનકા અવલંબન લેકર પરકી એકતા તોડ દિયા, વો જૈન. જૈન કોઈ પક્ષ કે સંપ્રદાય નહીં. સમજમેં આયા ? એ વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. આહાહા ! બહારસે એમ કહેવરાવે કે હમ સ્થાનકવાસી હૈ ને દેરાવાસી હૈ એ જૈન નહિં. ઘટ ઘટ અંતર જિન વસે, આ જ્ઞાન સ્વભાવી જિન સ્વભાવી. આહાહા ! એ જિન સ્વભાવકા અંતરમેં પ્રતીત કરકે પરકી એકતા તોડ દિયા એ વર્તમાન પર્યાયમેં જિન હુવા. જિતેન્દ્રિય જિન હુવા. પૂર્ણ જિન નહિ હજી પર્યાયમેં. સમજમેં આયા ? આવી વાતું હવે માણસને, ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે ને પ્રભુ. આહાહા ! "તારી નજરને આળસે રે પ્રભુ તેં ન નિરખ્યા નયને હરિ" એ સ્તુતિ આવી વિષ્ણુમાં "મારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયને હરિ" હરિ એટલે આહાહા... અજ્ઞાન અને રાગ દ્વેષકો હરે એ હરિ. આહાહા ! પંચાધ્યાયમાં હરિનો અર્થ કર્યો છે. આહાહા... વીતરાગી જ્ઞાન સ્વભાવી ભગવાન જ્ઞાન સ્વભાવ કહાને, દ્વારા આહાહા... એ વીતરાગ સ્વભાવ વડે, જ્ઞાન સ્વભાવ વડે, જિન સ્વભાવ વડે. આહાહા... અન્ય દ્રવ્યને પૃથક કર દિયા. આહાહા... સૂક્ષ્મ બાત હૈ ભાઈ. આહા !

ઐસે આત્માકા અનુભવ કરતે નિશ્ચયસે જિતેન્દ્રિય જિન હૈ. જ્ઞાન સ્વભાવ ભગવાન આનંદ જ્ઞાન, જ્ઞાન એટલે જાણગ સર્વજ્ઞ સ્વભાવ સ્વરૂપનું, સર્વજ્ઞ સ્વરૂપ. આહાહા... એકલા જ્ઞાન સ્વભાવ, અન્ય અચેતન દ્રવ્યોમેં નહીં. અર્થાત્ આ જ્ઞાન સ્વભાવ દૂસરા કોઈ પદાર્થમેં નહીં. ભગવાનના પદાર્થમેં ભી આ જ્ઞાન સ્વભાવ નહીં. આહાહાહા ! અને વો જ્ઞાન સ્વભાવ ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને પર ભગવાન એ બધાં અચેતન એટલે આ ચેતન નહીં. આહાહાહા !

એ અદ્ભૂત વિસ્મયકારી તત્ત્વ તેરા ભગવાન અંદર, આહાહા... એ તત્ત્વના અવલંબે, આહાહા.. અચેતન દ્રવ્યોમેં નહીં. એ વસ્તુ સ્વભાવ આનંદ ને જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ. પ્રજ્ઞા નામ જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ, એ તો આતે હૈ કે નહીં ? વિષ્ણુમેં આતે હૈ. પ્રજ્ઞાબહ્મ પણ ઉસકી પર્યાય કયા ને ગુણ કયા ઉસકી તો ખબર નહીં. આ તો સર્વજ્ઞથી સિદ્ધ હુવા હૈ. આહાહા... કયોંકિ જો જ્ઞાન સ્વભાવ અન્ય ચેતન નહિ. ઈસલિયે ઉસકે દ્વારા આત્મા સબસે અધિક, આહાહા ! ભાવેન્દ્રિય, અરે સર્વજ્ઞ ત્રિલોકનાથ ઉસસે ભી આ જ્ઞાન સ્વભાવ અધિક ભિન્ન હૈ. સમજમેં આતા હૈ ? આહાહા ! ઉસકે દ્વારા આત્મા સબસે અધિક, ભિન્ન, પરિપૂર્ણ, આહાહા... મુજે તે જાનનેમેં આતા હૈ, અનુભવમેં આતા હૈ. વો ચીજ પરસે તદ્દન ભિન્ન. ત્રણ લોકના નાથ તીર્થંકર કેવળી ઉસસે ભી આ ચીજ ભિન્ન હૈ. શિવલાલભાઈ ! આ તો આ આવ્યું શુદ્ધથી ભિન્ન હૈ. અને આનાથી એ ભિન્ન અને એનાથી એ ભિન્ન.

ભક્તિ, ભક્તિ, ભક્તિ એમાં પોતે પોતાને ભુલી ગયા. અમે ભક્તિ કરીએ દેવ ગુરુની એટલે કલ્યાણ હોગા. પરદ્રવ્યની ભક્તિ તો રાગ હૈ. ઝીણી વાત છે ભાઈ ! સ્વદ્રવ્યકી ભક્તિ એ

વીતરાગતા હૈ. ભજન નામ પૂર્ણાનંદના નાથનું દૃષ્ટિમાં ભજન કરના. આહાહા ! એ વીતરાગી સ્તુતિ હૈ. એ વાસ્તવિક કેવળજ્ઞાનીની સ્તુતિ હૈ. કેવળજ્ઞાની એમ કહેતે હૈ, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એમ કહેતે હૈ કે હમ તેરેસે ભિન્ન હૈ. અને હમારાસે તેરી ચીજ ભિન્ન હૈ. ઐસી ભિન્ન ચીજકી સ્તુતિ કરે, ઉસને વાસ્તવિક કેવળજ્ઞાનકી સ્તુતિ કિયા. આહાહા ! હમારી સામું દેખકર હમારી સ્તુતિ કરે યે તો રાગ હૈ, એ આત્મા નહીં. આહાહાહા ! આતા હૈ, ધર્મીકો ભી રાગ આતા હૈ. પણ એ બંધનના કારણ હૈ. વ્યવહાર આતા હૈ, જબલગ વીતરાગ ન હો, પર્યાયમેં. વીતરાગતા, સર્વજ્ઞતા ન હો તબલગ સાધક જીવકો ભી અપના ભગવાન આત્માકી એકાગ્રતાકી સ્તુતિ હોને પર ભી પૂર્ણ એકાગ્રતા નહીં, એથી ભગવાનનો દેવ, ગુરુનો વિનય આદિનો ભાવ આતા હૈ. પણ એ ભાવ પુણ્યબંધકા કારણ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવું લાગે આકરું માણસને, આવો ક્યાંથી કાઢયો ધર્મ એમ કહે છે કેટલાક, ભાઈ મારગ જ આ છે બાપુ ! આહાહા !

અરે જનમ મરણ કરી કરીને સોથા નીકળી ગયા છે, આહા... બાપા તને ખબર નથી ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતું એમ પ્રભુ કોણ કહે ? આહાહા ! જનમ પીછે છ માસમેં, બાર માસમેં કયા હુઆ, એ ખબર હૈ ? માતા પિતાએ કૈસા કિયા કૈસા જંગલ બેસાર્યા કૈસા એ ખબર હૈ ? જંગલ બેસારતે હૈ ને બાળકકો બે પગ લાંબા કરી અને પગમાં બેસારે આમ. એ ખબર હૈ ? ( તને ) ખબર નથી માટે નહોતું ? આહાહા ! કાંખમાં બેસારે ને હાથમાં. એ છ મહીનાની બાર મહિનાની ક્રિયા ખ્યાલમાં હૈ નહિં. ખ્યાલમાં નહીં હૈ તો નહીં થી ? ઐસે અનંતકાળ પ્રભુ ચાર ગતિના દુઃખો અનંતવાર વેઠયા છે. પ્રભુ, એ ખબર નથી માટે નહીં થા, ઐસા હૈ નહીં. હેં ? લોજીકસે, ન્યાયસે. આહાહા !

અહીં કહેતે હૈ એ આત્માકા સ્વભાવકે દ્વારા સબસે અધિક ભિન્ન, કૈસા હૈ જ્ઞાન સ્વભાવ, ભગવાન આ જ્ઞાન સ્વભાવ, ચૈતન્ય હીરલો, આહાહાહા... આતમ હીરલો. કૈસા હૈ ? કે વિશ્વકી ઉપર તિરતા હુઆ. કયા કહેતે હૈ ? રાગ દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરીવાર ઉસકો જ્ઞાન જાને. જાને છતાં તે રૂપ હોતા નહીં. સમજમેં આયા ? ઉપર તિરતા હૈ.

ઉન્હે જાનતા હુઆ ભી, ઉનરૂપ નહીં હોતા હુઆ, આહાહાહા ! પરકો જાનતા હુઆ ભી જાનનેમેં રહેનેવાલા હૈ. પરરૂપ હોતા નહીં. આહા ! અગ્નિકો જ્ઞાન જાને તો એ જ્ઞાનમેં અગ્નિ આઈ નહીં અને અગ્નિરૂપ જ્ઞાન હુઆ નહીં. પણ અગ્નિ સંબંધીકા જ્ઞાન અપનેમેં જ્ઞાન આતા હૈ. આહાહા ! તો જ્ઞાન હુઆ અગ્નિ સંબંધી તો એ જ્ઞાન અગ્નિરૂપ હુઆ ઐસા હૈ નહિ. આહાહા ! ઐસે જ્ઞાન પ્રભુ ( આત્મા ) પરકો જાને પણ પરરૂપ હોકર જાનતે નહિ. આહાહા ! અપનેમેં રહેકર જાનતે હૈ. પરકા જાનના હુઆ, પણ પરકા જાનનેસે પરરૂપ હુઆ ? એ પરકા જાનના એ તો અપના જાનના હૈ. આહાહા ! આ વાત.

જાનતા હુઆ ભી ઉનરૂપ નહીં હોતા. પ્રત્યક્ષ ઉદ્યોતપણેસે સદા અંતરંગમેં પ્રકાશમાન, આહાહા... પ્રત્યક્ષ હૈ. આહાહા.. જિસકો જાનનેમેં રાગ ને નિમિત્તકી અપેક્ષા નહીં, તો સીધા અપના મતિ-શ્રુતજ્ઞાનસે પ્રત્યક્ષ જાનનેમેં આતા હૈ. આહાહા ! નીચલા દરજજાકી બાત હૈ હજી તો હોં, મતિશ્રુત જ્ઞાન. એ સમ્યક હુઆ એ પ્રત્યક્ષ જાનતે હૈ. આ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ

પ્રત્યક્ષ ઉદ્યોતમાન, સદા અંતરંગમેં પ્રકાશમાન, આહાહા... સદા અંતરંગમેં પ્રકાશમાન ચૈતન્ય જ્યોતિ ઝળહળ જ્યોતિ બિરાજમાન પ્રભુ, આહાહા... અવિનશ્વર, કભી નાશ નહીં હોતા એ ચીજ હૈ વહ કભી પલટતી ભી નહીં. પર્યાય પલટે, વસ્તુ તો વસ્તુ હૈ. આહાહા !

સ્વતઃસિદ્ધ અપનેસે હૈ કોઈ કર્તા ફર્તા ઉસકા હૈ નહીં. સમજમેં આયા ? કર્તા હૈ ઈશ્વર. કોઈ કર્તા કહે, તો પરમેશ્વરે તો ( કહા ) ઈશ્વર કર્તા નહીં ( તો ) ઐસા આત્મા બનાયા, તો ઐસાકો ઉસકો જન્મ કયું દિયા ? જો ઈશ્વર કર્તા હો, તો ઈશ્વર કર્તા નહીં હૈ, ઐસા માનનેવાલેકો જનમ કયું દિયા ? બેન તો ઘરેથી તમારે છે એક ફેરી વિચાર આવ્યો ' તો, બા છે ને ઘરે એ જરી વિચાર આવ્યો તો, આહાહા ! ઓલું આવે છે ને વેદાંતનું પત્ર નહીં ? કલ્યાણ. એક ફેરી સૂના થા, કલ્યાણ આવે છે ને ઘરે એક ફેરી વાંચતા હશે. ભગવાન તેરો કલ્યાણ સ્વરૂપ તો અંદર ભિન્ન હૈ. એનો કોઈ કર્તા હૈ ? અરે દ્રવ્ય જો હૈ યહ તો પર્યાયકા કર્તા નહીં. આહાહા !

ભગવાન આત્મા જ્ઞાયક ધ્રુવસ્વરૂપ એ અપની નિર્મળ પર્યાયકા ભી એ કર્તા નહીં. આહાહા ! પર્યાયકા કર્તા પર્યાય હૈ. આહાહા ! આવો માર્ગ ! અરે જનમ મરણના અંત લાવવાના ટાણાં મળ્યાં પ્રભુ, આહાહાહા... એ ટાણે નહીં સમજેગા તો કબી સમજેગા ? આહા !

સ્વતઃ સિદ્ધ ઔર પરમાર્થરૂપ, પરમપદાર્થ, પરમ પદાર્થ, પરમઅર્થ, પરમાર્થ, પરમ અર્થ, પરમ પદાર્થ, ઐસા ભગવાન જ્ઞાનસ્વભાવ હૈ. આ જ્ઞાનસ્વભાવ તો ભગવાન જ્ઞાન. આહાહા ! ભગ્ નામ આનંદ ને જ્ઞાનની લક્ષ્મી. વાન નામ લક્ષ્મીવાન આત્મા, ભગવાન હૈ. જ્ઞાનરૂપી લક્ષ્મી. ભગ્ એટલે જ્ઞાનરૂપી લક્ષ્મી, ઉસકા વાન એ લક્ષ્મીવાન હૈ. આ ધૂળવાળા નહિં એય....

સૌભાગ્યચંદજી ગુજરી ગયા નહીં ? ગુજરી ગયા એના ઘરમાંથી એ એક આવતા ' તા. આહાહા ! ભાગ્ય વિના આ ક્યાં મળે બાપા. આહાહા ! ઐસા ભગવાન ( આત્મા ) જ્ઞાન સ્વભાવ હૈ. આહાહા ! ઈસ પ્રકાર એક નિશ્ચય સ્તુતિ તો યે હુઈ. એક પ્રકાર આ હુઆ. સ્તુતિના ત્રણ પ્રકાર હૈ એમાં આ એક પ્રકાર હુઆ. પરસે ભિન્ન હોકર રાગ રહા, પણ રાગસે ભિન્ન હોકર એકત્વ હુઆ એ પહેલી સ્તુતિ કહેનેમેં આઈ. હજી રાગ બાકી હૈ. સમકિતીકો અનુભવ હુઆ છતેં રાગકી એકતા તૂટી, પણ રાગકી અસ્થિરતા બાકી રહી ગઈ. સમજમેં આયા ? રાગ કહો કે દુઃખ કહો, આહાહા... દુઃખકા, આનંદ સ્વરૂપમેં એકત્વકા તો નાશ કિયા, પણ અસ્થિરતાકા રાગ અને દુઃખ હૈ, એ બાકી હૈ. સમજમેં આયા ?

ઈસ પ્રકાર એક નિશ્ચય સ્તુતિ તો યે હુઈ. ખુલાસા કર્યા. જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિય, જો જ્ઞેય પર, ભાવેન્દ્રિય જ્ઞેય પર, ઈન્દ્રિયોંકા વિષય જ્ઞેય પર, એ પદાર્થોકા ઔર જ્ઞાયક સ્વરૂપ સ્વયં આત્માકા, દોનોંકા અનુભવ વિષયોંકી આસકિતસે એકસા હોતા થા અનાદિસે, જબ ભેદજ્ઞાનસે ભિન્નત્વ જ્ઞાત કિયા. આહાહા... ભાવેન્દ્રિય અને પરપદાર્થસે પણ ભિન્નત્વ ભગવાન હૈ, ઉસકા જ્ઞાન કિયા. ભારે વાતું ભાઈ ! તબ વહ જ્ઞેયજ્ઞાયક સંકર દોષ દૂર હુઆ. દો એક થા ઐસી માન્યતાકા નાશ હુઆ. પરદ્રવ્ય અને પરદ્રવ્યરૂપ રાગ અને ભાવેન્દ્રિય, એ એકત્વ થા ઉસકા નાશ હુઆ. પણ ( રાગ ) હજી બાકી રહી ગયા ખરા. હજી ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિયનું નિમિત્તપણું દેવ ગુરુનું પણ નિમિત્તપણું, આહા... એકત્વથી જુદો થયો પણ અસ્થિરતાથી જુદો હજી નથી થયો. આ બીજા પ્રકારની સ્તુતિ ઊંચી, પહેલી સ્તુતિ તો પરસે ભિન્ન કર દિયા અને આત્માસે

એકત્વ હુઆ એ એક સ્તુતિ.

હવે પરસે ભિન્ન કિયા તો પણ અંદરમેં હજી રાગ બાકી રહા. જો રાગ ન રહે તો વીતરાગદશા હો જાય. સમજમેં આયા ? તો સમ્યગ્દૃષ્ટિકો ભી જિતેન્દ્રિય હુઆ, તો પણ ભી જિનસ્વરૂપકા અનુભવ હુઆ તો પણ ભી, રાગ બાકી હૈ. આહાહાહા ! તો એ રાગકા જિતના કઈ રીતે હોતા હૈ, એ બાત કરતે હૈ. સમજમેં આયા ? દોકા એકત્વકો છોડ દિયા પણ દોમેં રાગ હજી બાકી હૈ. ઉસે અસ્થિરતા નહિ છૂટી. આહાહા... સમજમેં આયા ?

ધર્મીકો ભી સમ્યગ્દૃષ્ટિકો, જ્ઞાનીકો ક્ષાયિક સમકિતીકો ભગવાનકા વંદન સ્તુતિકા રાગ આતા હૈ, હૈ રાગ, હૈ દુઃખ, હૈ આકુળતા, હૈ કષાય, સમજમેં આયા ? તો હવે ભાવ્ય ભાવક સંકર દોષ દૂર કરતે હૈ. વો પહેલેમેં જ્ઞેય જ્ઞાયક એકત્વ, પરજ્ઞેય અને સ્વજ્ઞાયક એકત્વ માના થા. યહ દોષ દૂર કિયા. હવે અહીંયા એ ઉપરાંત આગળ જાતે હૈ હવે, ભાવ્ય આત્મા રાગરૂપ હોનેકે લાયક હૈ, ભાવક કર્મકા ઉદય હૈ, એ ઉદયકે અનુસાર અપની યોગ્યતાસે રાગ જો થા ઉસકો ભાવ્ય કહેતે હૈ. સમકિતીકો ભી વો ભાવ્ય કહેતે હૈ. આહાહા ! ભાવ્ય, કર્મ જે જડ હૈ વહ ભાવક હૈ પણ અપની પર્યાયમેં ઉસકે અનુસરણ કરકે જો વિકાર ભાવ હોતા હૈ યે ભાવ્ય હૈ, સમકિતીકો - જ્ઞાનીકો, મુનિકો ભી રાગ આતા હૈ. સમજમેં આયા ? આહાહા... ગજબ વાત હૈ.

હવે એમ જ માની લેવું કે જ્ઞાનીકો દુઃખ હૈ હી નહીં. વિપરીત દૃષ્ટિ હૈ. જ્ઞાન વિપરીત હુવા, ન્યાં દૃષ્ટિ વિપરીત હુઈ, આહાહા... અહીંયા તો એકત્વ તોડ દિયા, ભગવાન જ્ઞાન સ્વભાવ દૃષ્ટિમેં અનુભવમેં આયા તો રાગકી, પરદ્રવ્યકી, ભાવેન્દ્રિયકી એકતા તૂટ ગઈ પણ હજી અસ્થિરતાની એકતા રહ ગઈ. સમજમેં આયા ? એ કર્મકા ભાવક, ભાવક કયું કહા ? કે વિકાર આત્માકા સ્વભાવ નહીં, એટલે ભાવક કર્મકા ઉદય ભાવ, ભાવકે કરનેવાલા અને એને અનુસરીને રાગ અપનેમેં હોતા હૈ. એ ભાવ્ય, એ પરકા અનુસરના એ જે ભાવ્ય હૈ, ઐસા ન હોને દેના એ દૂસરી સ્તુતિ હૈ. સમજમેં આયા ? આવી વાતું, હવે આ તો કોલજ હૈ, થોડા તો અભ્યાસ હોય તો ખ્યાલમાં આવે. આહાહા !

( શ્રોતાઃ- એકત્વ બુદ્ધિ તૂટયા પછી તો સહજ છે ને આ ). નહીં અસ્થિરતા આતી હૈ ને ? દોષ હૈ ઈતના, દોષ હૈ ઉસકો જાનતે હૈ, પણ મેરી પર્યાયમેં ઉદયકે અનુસાર મેરી ભાવ્ય દશા યે મેરેમેં હોતી હૈ, ઐસા ભાન કરતે હૈ. ઝીણી વાત છે. એથી તો ગાથા લિયા હૈ. આત્મજ્ઞાન હુવા, જ્ઞાનસ્વભાવ ભગવાન પરસે ભિન્ન હુવા પણ પરસે અસ્થિરતાસે ભિન્ન નહીં હુવા હજી, જો અસ્થિરતાસે ભિન્ન હો જાયે તો ( પૂર્ણ ) વીતરાગ હો જાયે. આહાહા... સુમેરુમલજી ! બરાબર આયા હૈ બરાબર ભાગ્યવાન હૈ ને તભી બરાબર આ ચીજમાં આયે. આહાહા ! એ વાણી ક્યાં છે પ્રભુ ? આહા ! યહાં પ્રભુ કહેતે હૈ, કે એક જઘન્ય સ્તુતિ તો રાગ ને ભાવેન્દ્રિય પરજ્ઞેય હૈ. મેરા જ્ઞાયક ભિન્ન હૈ ઐસા ભાન હુવા. સમ્યગ્દર્શન હુવા, સમ્યગ્જ્ઞાન હુવા, સ્વરૂપમાં આચરણ પણ થોડા હુવા પણ હજી સ્વરૂપમેં પૂર્ણ સ્થિર હોના એ નહિં, કયોં કે ભાવક જો કર્મ હૈ ઉનકે અનુસારે અપની વિકારી પર્યાય ભાવ્ય હોનેમેં લાયક જીવ હૈ. ભાવક કર્મસે ભાવ્ય વિકાર હોતા હૈ ઐસા નહીં, તેમ વિકાર ભાવ હોતા હી નહીં ઐસા ભી નહિં. પણ વહ વિકારીભાવ એ ભાવક જો કર્મ હૈ ઉસકે પર્યાય સમકિતી જ્ઞાનીકો ભી ઉસકા અનુસરણ હો કરકે જો વિકાર હોતા થા,

ઉસકા નામ ભાવ્ય. એને અનુસરણ પરકા છોડના અને અપના શુદ્ધકા અનુસરણ વિશેષ કરના, એ દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ.

અહીંયા તો ઉપશમ શ્રેણીની વાત કરતે હૈ. અંદર ઉપશમ શ્રેણી એટલે કે કર્મકા ઉદયકે અનુસાર જો રાગ થા, ઉસકો સ્વભાવકી અનુસારે ઉપશમ કરકે છોડ દિયા. એ દૂસરી સ્તુતિ હૈ. આહાહાહા ! ઉપશમભાવ હુવા. હજી સત્તામેં રાગાદિ હૈ, પણ ઉસસે ભિન્ન હોકર અપનેમેં ભાવ્ય જો ભાવક કર્મકા નિમિત્તસે હોતા નહિં, નિમિત્ત પરદ્રવ્ય હૈ ઉસસે કયા, પણ ઉસકે અનુસારે અપની પર્યાયમેં સમકિતીકો ભી, મુનિકો ભી જો રાગ આદિ આતા થા. એ રાગકો ભાવ્ય કહેતે હૈ, અને કર્મકા ઉદયકો ભાવક કહેતે હૈ. આહાહા ! અરે ભગવાન ! આ તો સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ ભાઈ, એમાં કાંઇ આડુંઅડળું એક પણ ફેરફાર થાય ( તો ) દૃષ્ટિ વિપરીત છે.

ભાવ્યભાવક સંકર, આ સંકર નામ એકત્વ નહીં. એકત્વબુદ્ધિ નહીં પણ એ રાગ સાથ અસ્થિરતા હોતી હૈ, ઈતના સંકર હૈ, ઈતના દોષ હૈ. આહાહા... સમકિતીકો જ્ઞાનીકો ક્ષાયિક સમકિતીકો, આહાહા... જે અપની પર્યાયમેં, અપની લાયકાત યોગ્યતાસે કર્મકા ભાવકને અનુસરીને જો વિકૃતભાવ હોતા થા, ઈતના સ્વકા અનુસરણ નહીં થા. સમજમેં આયા ? આહાહા ! જ્ઞાનીકો ભી, સમકિતીકો ભી, અરે મુનિકો ભી, આહા... સચ્ચા મુનિ હોં. ભાવલિંગી, ઉસકો ભી રાગ જરી પાંચ મહાવ્રતકા ( રાગ ) આદિ આતા હૈ. એ કર્મ ભાવકકા અનુસરીને હોતા હૈ. સ્વભાવને અનુસારી વિકાર નહિં હોતા. સમજમેં આયા ? પ્રભુ માર્ગ આ તો અંદર સત્ય હૈ, એમાં કોઈ પક્ષ કરીને બેસી જાય એ વસ્તુની સ્થિતિ નથી. આહાહા... . પ્રભુ આત્માકી સ્તુતિના ત્રણ પ્રકાર, જ્ઞાયકભાવ ઉસકી સ્તુતિ નામ રાગસે પૃથક હોકર અંદર એકાગ્ર હોના એ પ્રથમ સ્તુતિ હૈ. ઔર દૂસરી સ્તુતિ આગળ બઢકર ભાવક જો કર્મ હૈ ઉસકે અનુસાર અપનેમેં અપની કમજોરીસે રાગ દુ:ખકી પર્યાય હોતી થી એ ભાવ્ય, ઉસકો અપના સ્વભાવકા અનુસરણ કરકે ભાવ્ય હોને દેના નહીં એ દૂસરી સ્તુતિ હૈ. સુમેરુમલજી ! ભગવાન દેખો તો, આહાહાહા...

* વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ–ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી–એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે ! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે... વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દૃઢ કરે ! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

( દૃષ્ટિનાં નિધાન - ૩૦૯ )

## ગાથા - ૩૨

अथ भाव्यभावकसङ्करदोषपरिहारेण-

जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति।।३२।।

यो मोहं तु जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं जितमोहं साधुं परमार्थविज्ञायका ब्रुवन्ति।।३२।।

यो हि नाम फलदानसमर्थतया प्रादुर्भूय भावकत्वेन भवन्तमपि दूरत एव तदनुवृत्तेरात्मनो भाव्यस्य व्यावर्तनेन हठान्मोहं न्यक्कृत्योपरतसमस्तभाव्यभावकसङ्करदोषत्वेनैकत्वे टङ्कोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन द्रव्यान्तरस्वभावभाविभ्यः सर्वेभ्यो भावान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं सञ्चेतयते स खलु जितमोहो जिन इति द्वितीया निश्चयस्तुतिः।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकाय-सूत्राण्येकादश पञ्चानां श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणामिन्द्रियसूत्रेण पृथग्व्याख्या-तत्वाद्व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

---

હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી સ્તુતિ કહે છે:-

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

---

ગાથાર્થ:- [ यः तु ] જે મુનિ [ मोहं ] મોહને [ जित्वा ] જીતીને [ आत्मानम् ] પોતાના આત્માને [ ज्ञानस्वभावाधिकं ] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક [ जानाति ] જાણે છે [ तं साधुं ] તે મુનિને [ परमार्थविज्ञायकाः ] પરમાર્થના જાણનારાઓ [ जितमोहं ] જિતમોહ [ ब्रुवन्ति ] કહે છે.

ટીકા:- મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા ભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને, સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ ( નિશ્ચલ ) અને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે ( મુનિ ) અનુભવે છે તે નિશ્ચયથી 'જિતમોહ જિન' ( જેણે મોહને જીત્યો છે એવા જિન ) છે. કેવો છે તે જ્ઞાનસ્વભાવ ? આ સમસ્ત લોકના ઉપર તરતો, પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને

**પરમાર્થસત્ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**

**આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.**

**આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે; તેમાં 'મોહ' પદને બદલીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન- એ પાંચનાં સૂત્રો ઇન્દ્રિયસૂત્રદ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં; એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

**ભાવાર્થઃ- ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃતિથી પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે તેને ભેદજ્ઞાનના બળથી જુદો અનુભવે તે જિતમોહ જિન છે. અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે; અહીં મોહને જીત્યો છે; તેનો નાશ થયો નથી.**

## પ્રવચન નં. ૯૧ ગાથા - ૩૨ તા. ૨૫-૯-૭૮ સં. ૨૫૦૪

अथ भाव्यभावकसङ्करदोषपरिहारेण–

जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं ।
तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति ।।३२।।

( હરિગીત )

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

મોહનો નાશ કરીને નહીં ઉપશમ કરીને... 'અધિક' નામ રાગ જો થા સમકિતીકો ભી ઉસસે અધિક નામ ભિન્ન અંદર અનુભવ કરે. અસ્થિરતાસે ભી ભિન્ન હોકર. આહાહા ! ચોથે ગુણસ્થાને ભી તીન કષાય બાકી હૈ. પાંચમે ગુણસ્થાને દો કષાય બાકી હૈ, છઠ્ઠે એક કષાય બાકી હૈ, રાગ હૈ યહ દુઃખ હૈ. એ દુઃખ અપના સ્વભાવકો અનુસરનેસે નહીં હોતા પણ એ દુઃખ કર્મકા ઉદયકે અનુસરનેસે ( હોતા હૈ ) અહીંયા અનુસરના છોડકર ઈતના અનુસરણ કિયા તો ઈતના ભાવ્ય ને રાગ ને દુઃખ હુઆ. આહાહાહા !

ખૂબી તો યહ હૈ કે રાગ હુઆ એ પરસે નહીં, પરકા અનુસરણ કિયા ઉસસે હુઆ હૈ. સ્વકા અનુસરણ કરકે એકત્વબુદ્ધિ હુઈ. સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન હુઆ પણ હજી રાગ હૈ તો જિતના અપને અનુસરણ કરના ચાહીએ ઈતના અનુસરણ નહીં, અને કર્મકા નિમિત્તકે અનુસરનેમેં રાગ દયા દાન વ્રત ભક્તિ કામ ક્રોધ ઐસા રાગ આતા હૈ. એ રાગકો ભાવ્ય કહેતે હૈ. અને કર્મકો ભાવક કહેતે હૈ. દોકા સંબંધ થા એ તોડ દિયા, સ્વભાવકા આશ્રય લેકર એ અસ્થિરતાકા નાશ કર દિયા નાશ નહીં ઉપશમ કિયા, નાશ પીછે આયેગા. આહાહા ! આવું સ્વરૂપ પ્રત્યક્ષ છે. આહાહા !

ગાથાર્થઃ- જે મુનિ એટલે અહીં મુનિની પ્રધાનતાથી કથન છે. ભાવલિંગ તો પ્રગટ હુઆ, મુનિ દશા પ્રગટ હુઈ પણ હજી અસ્થિરતાકા રાગ બાકી રહા કર્મકે અનુસારે હૈ. જે મુનિ મોહકો જીતકર, એ જે અસ્થિરતાકા ભાવ થા ઓ સ્વભાવકે અનુસાર કરકે, અસ્થિરતાકો દાબ દિયા, ઢાંક દિયા. સમજમેં આયા ? આરે આ આવી વાતું હવે. "મોહ" કયા કહા ? મોહ આ મિથ્યાત્વ નહીં, આ મોહ મિથ્યાત્વ નહીં, આ મોહ અસ્થિરતાકા ભાવ, જ્ઞાનીકો જે રાગ આતા હૈ યહ મોહ હૈ. મોહ કયૂં કહા ? કે પર તરફકી ઈતની સાવધાની રહી. અપના તરફકી સાવધાની ઈતની ન રહી. આહાહાહા ! જે મુનિ, હવે મુનિ તો કહા, સમકિતીને મોહ છે, પણ એ મોહ મિથ્યાત્વનો નહીં, ચારિત્રમોહકા દોષ હૈ. સમજમેં આયા ? જીતકર, ઉપશમ કરકર દાબી દિયા હૈ, અપના સ્વરૂપમાં ઉપશમભાવ પ્રગટ કિયા ઈતના, આહાહા ! અપને આત્માકો જ્ઞાન સ્વભાવકે દ્વારા, અન્ય દ્રવ્યભાવોંસે અધિક એ ભાવ્ય જો વિકારી દશા ઉસસે ભિન્ન હવે અહીં લેના.

પહેલી એકત્વબુદ્ધિકા તો નાશ પહેલે કર દિયા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હુઆ. હવે અસ્થિરતાકા જો રાગ આયા ઉસસે અધિક નામ મેરી ચીજ ભિન્ન હૈ ઐસે હોકર, રાગકો દાબ દિયા, ઉપશમ કર દિયા. આહાહા ! આરે આવી વાતું ! આ તો પ્રભુનો મારગ છે, ભાઈ ! આહા... સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એ એમ કહેતે હૈ, કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયે થે, આઠ દિન રહે થે, વહાંસે આકર આ કહેતે હૈ. ભાઈ ભગવાન તો એમ કહેતે હૈ કે પહેલી તો સ્તુતિ જ્ઞેય, ભાવેન્દ્રિયાદિ પર ઉસસે ભિન્ન કરકે અપનેમેં એકાગ્ર હોના ઔર આનંદકા વેદન હોના, સ્વસંવેદન હોના, એ આત્માકી, કેવળીકી પહેલી સ્તુતિ પ્રશંસા કહેનેમેં આતા હૈ. આહાહા ! જો પરદ્રવ્યકી પ્રશંસા કરતે થે, આહાહા... શુભરાગ, ભગવાન આમ ને ભગવાન આમ એ સ્તુતિ છોડકર અપના ભગવાન જ્ઞાન સ્વભાવમેં એકાગ્ર હુઆ સ્તુતિ એ પ્રશંસા, અપની કિયા. પીછે બાકી રહ્યા હજી અસ્થિરતા, એકત્વબુદ્ધિસે સ્તુતિ નહીં હવે, પણ અસ્થિરતાસે જે સ્તુતિ થી. આહાહાહા ! સમકિતીકો, ક્ષાયિક સમકિતીકો અરે મુનિકો, આહાહાહા ! મુનિ કહેતે હૈ ને અમૃતચંદ્રાચાર્ય ત્રીજા શ્લોકમેં અરે મૈં તો પવિત્ર ભગવાન દ્રવ્યસ્વરૂપ શુદ્ધ હું. પણ મેરી પર્યાયમેં અનાદિસે જે મલિનતા હૈ વો હજી ખડી હૈ. મલિનતાકા અભાવ પર્યાયમેં ( સર્વથા ) નહીં હુઆ. આહાહાહા ! 'કલ્માષિતાયાં' એમ પાઠ હૈ. મેરી પર્યાયમેં, નહીંતર એ તો મુનિ હૈ, શુભભાવ આતા હૈ તો કહેતે હૈ મેરી પર્યાયમેં યહ કલુષિતતા હૈ. આહાહાહા ! મૈં તો પરમાનંદકા નાથ હું, પણ મેરી પર્યાયમેં અનાદિસે હજી ભલે અનુભવ હુઆ, સમ્યગ્દર્શન હુઆ, મુનિપણા હુઆ, પણ પર્યાયમેં જે અશુદ્ધતા હૈ. એ હજી ગઈ નથી. ભાઈ ! આહાહાહા ! ત્રીજી ગાથામેં હૈ.

હૈ ને ? ત્રીજા કળશમેં હૈ. ત્રીજો કળશ હોં ! અમૃતચંદ્રાચાર્યદેવ કહેતે હૈ એ ચોથું પાનું. એ સમયસાર શુદ્ધાત્મા ગ્રંથકી વ્યાખ્યાસે હી મેરી અનુભૂતિ અનુભવરૂપ પરિણતિકી પરમ વિશુદ્ધિ હો. કૈસી હૈ મેરી પરિણતિ ? આહાહાહા... પર પરિણતિકા કારણ મોહ નામકા કર્મ, ઉસકે અનુભાવ્યરૂપ ઉદય કે વિપાકસે, મેરેમેં જે અનુભાવ્ય રાગાદિરૂપ પરિણામ હોતા હૈ. આહાહા ! ભાવમુનિ, સમકિતી તો હૈ, પણ સંત હૈ, નમો લોએ સવ્વ આયરિયાણં આચાર્યપદમેં હૈ, પણ મૈં છદ્મસ્થ હું. મેરી પર્યાયમેં શુભભાવની કલુષિતત્તા ઉત્પન્ન હોતી હૈ. આહાહા ! હૈ ! રાગાદિકી

વ્યાપ્તિ હૈ. હૈ અંદર ? મેરી પર્યાયમેં રાગ દ્વેષકા અંશ, ઉસકી વ્યાપ્તિ હૈ, મેરી પર્યાયમેં હૈ. આહાહાહા ! મૈં સ્વરૂપે તો પરમાનંદ શુદ્ધ ચૈતન્ય હું. પણ મેરી પર્યાયમેં હજી અશુદ્ધતા બાકી હૈ. આહાહા ! એ ભાવક એ કર્મકે અનુસરીને અપનેમેં જરી પર્યાય હૈ ભાવ્ય હોતી હૈ, તો મૈં કહેતા હું, ઈસસે નિરંતર કલ્પાષિત મેલી હૈ, હૈ ! આહાહા ! અરે મુનિને અશુભભાવ તો હૈ નહીં, આ ટીકા કરનેકા વિકલ્પ ઉઠયા એ મેલ હૈ એમ કહેતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ઔર મૈં દ્રવ્ય દૃષ્ટિસે શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ હું. આહાહાહા ! હૈ ? ઉસકા ભાવાર્થ આચાર્યદેવ કહેતે હૈ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકા દૃષ્ટિસે તો મૈં શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ હું. શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ વસ્તુ હું. કિંતુ મેરી પરિણતિ મોહ કર્મકા ઉદયકા નિમિત્ત–નિમિત્ત પાકરકે મૈલી હૈ, મેરી પર્યાયમેં રાગ હૈ, દુઃખ હૈ, આકુળતા હૈ. આહા ! ન હોય તો મેરે પરમ આનંદ હોના ચાહીયે. આહાહાહા ! અરે જગતને સત્ય મિલના બહુ કઠિન હો ગયા. આહાહાહા ! મેરી ( પર્યાય ) રાગાદિ સ્વરૂપ હો રહી હૈ, સ્થાપન કરતે હૈ કે ઐસા ઈતના નહીં તો રાગકા અંશ, દ્વેષકા અંશ હૈ. સત્ય ઐસા હૈ. ઐસા ભી સ્થાપન કરના વહ રાગકા અંશ હૈ. આહાહાહા ! એ આયા ( કળશ ) ૧૪૩ મેં.

ઈસલિયે શુદ્ધાત્માકી કથનીરૂપ સમયસાર ગ્રંથકી ટીકા કરનેકા ફળ મેરી પરિણતિ રાગાદિ રહિત હોકર, મેરી પરિણતિમેં રાગ હૈ. રાગ કહો, દુઃખ કહો, આકુળતા કહો, કષાય કહો, આહાહાહા ! ભાષા તો ઐસી હૈ કે મેરે શુદ્ધ સ્વરૂપકી પ્રાપ્તિ હો મેરી પરિણતિ રાગાદિ રહિત હૈ, એ ટીકા કરનેકા ફળ પણ ઉસકા અર્થ યહ હૈ. ટીકા કરનેકા જો વિકલ્પ હૈ ઉસકા ફળ, અશુદ્ધતાકા નાશ ઐસા નહીં. પણ ટીકાકે કાળમેં મેરી દૃષ્ટિકા જોર ત્યાં જાયેગા. અંદર ઓ ટીકાકે કાળમેં મેરી અશુદ્ધતાકા નાશ હોગા. આહાહાહા ! આ તો અમૃતવાણી હૈ. અમૃતચંદ્રાચાર્યના અમૃત કળશ. આહાહાહા... મેરી પરિણતિ રાગાદિ રહિત હોકર શુદ્ધ હો. મુનિ કહેતે હૈ કે મેરી પર્યાયમેં રાગ હૈ. રાગ દુઃખ કહો, આકુળતા કહો. આહા ! તો મેં ટીકાકે કાળમેં, ટીકાસે નહીં પણ પાઠ ‘ટીકાસે’ શબ્દ હૈ. ટીકાનો વિકલ્પ હૈ પણ મેરા જોર અંદરમેં હૈ. આહાહા ! એ જોરના ને જોરના કારણે અશુદ્ધતાકા નાશ હો જાયેગા, ભૈયા. આહાહાહા ! મુનિરાજ એમ કહેતે હૈ આચાર્ય પદ નમો લોએ સવ્વ આયરિયાણં. આહાહાહા ! એ અહીંયા કહેતે હૈ. વિશેષ અર્થ આયેગા– લ્યો વખત થઈ ગયો. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )